**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. III-૮૬-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી દિનેશભાઇ મૂળજીભાઇ રોહિત અને મણીલાલ મૂળજીભાઇ રોહિત,
જેતપૂર પાવી,
તા. જેતપૂર પાવી, જિ. છોટા ઉદેપુર.

રજુઆત કરનાર: શ્રી દિનેશભાઇ મૂળજીભાઇ રોહિત અને મણીલાલ મૂળજીભાઇ રોહિત,

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
તા. જેતપૂર પાવી પેટા-વિભાગીય કચેરી,
. જેતપૂર પાવી,

રજુઆત કરનાર:શ્રી એન. એ. શાહ, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, જેતપૂર પાવી પેટા-વિભાગીય કચેરી.

ફરિયાદીની તા. ૧૨.૧૧.૨૦૧૪ની રહેણાંક કનેક્શન ન આપવા બાબતની ફરિયાદ.

ફરિયાદીની ફરિયાદ ગ્રાહક ફોરમ સમક્ષ તા. ૨૮.૧૧.૧૪ ના રોજ સાંભળવામાં આવી જેમાં ફરિયાદી તરફે શ્રી દિનેશભાઇ મૂળજીભાઇ રોહિત અને મણીલાલ ભૂળજીભાઇ રોહિત જાતે તથા સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી એન. એ. શાહ; ડી.ઇ. જેતપુર પાવી હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. બને ફરિયાદી મોજે.જેતપુર પાવી સીમમાં રે.સર્વે નં. ૫૧૨/બ; ચો.મી. ૫૩૭ ઘર નં. ૧૯૮૫ અને ૧૯૮૪ ના મકાનોમાં રહે છે.

૨. ફરિયાદીએ રહેણાંક વિદ્યુત કનેક્શન મેળવવા માટે તા. ૨૮.૦૮.૨૦૧૪ ના રોજ નિયત ફોર્મમાં અરજ કરેલ પરંતુ કનેક્શનની કાર્યવાહી થયેલ નથી.

૩. સવાલવાળી જગ્યામાં ફરિયાદીના ભાઇ શ્રી બાલુભાઇ મૂળજીભાઇનો વાંધો છે.જે અંગે સીવીલ જજ (જુ.ડી.) છોટા ઉદેપુર કોર્ટમાં રે.દિ.મુ.નં. ૧૧૨/૨૦૦૨ થી દાખલ થયેલ છે અને નામદાર કોર્ટે સી.પી.સી. ઓર્ડર ૩૯ રુલ ૧.૨ ની અરજી અંશત: મંજૂર કરી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા હુકમ કરેલ છે.

ફરીયાદીએ રૂબરૂ જણાવ્યુ કે સદર જગ્યા તેમની વડીલો પાર્જિત મિલકત છે.મિલકતના વારસદાર તરીકે તેઓ ચાર ભાઇ-ચાર બહેનો અને તેમની માતા છે.સદર મિલકતનો સર્વે નંબર ૫૧૨/બી છે. આ મિલકત માટે ટીડીઓએ ઓર્ડર નંબર ૧૬૧૮/૯૧ થી તા.૨૫/૦૧/૧૯૯૧ ના રોજ જમીન એન.એ. કરેલ છે. જેનો નંબર ૧૯૮૪ અને ૧૯૮૫ છે.આ મકાનનો કબજો ભોગવટો સને ૨૦૦૨ થી ફરીયાદી કરતા આવ્યા છે. અને તે અંગેનો વેરો છેલ્લા બે વર્ષથી ભરેલ છે.સદર સર્વે નંબર ૫૧૨/બી

એ અગાઉના સર્વે નંબર ૫૧૨/બી ,૫૧૩ અને ૫૧૪ નું એકત્રીકરણ થયેલ છે.અને તેઓના ચાર ભાઇઓના નામે છે. તેમના ભાઇશ્રી બાલુભાઇએ ટીડીઓને ફરીયાદ કરતા ટીડીઓએ તા.૧૩.૦૧.૨૦૧૨ ના રોજ આકરણી રદ કરેલ છે. જેથી ફરીયાદીએ તા.૦૮.૧૦.૨૦૧૪ના રોજ ડીડીઓને રજુઆત કરેલ છે.જેનો નિર્ણય આવવાનો બાકી છે.ફરીયાદીએ જણાવેલ છે કે તેમને જેતપુર પાવીના પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમા કેસ નં.૧૧૨/૨૦૦૨ થી દાવા અરજ કરેલ છે.જેમાં કોર્ટે દાવા વાળી મિલકતમાં ટાઇટલ કબજા અને સ્થળ સ્થિતી બાબતે યથાવત પરિસ્થિતી જાળવવાનો વચગાળાનો હુકમ કરેલ છે.તેમજ કોર્ટ કેસ નં.૧૪/૨૦૦૫ થી તેમના ભાઇશ્રી બાલુભાઇ એ જેતપુર પાવીના પ્રિન્સીપલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં કેસ કરેલ છે.અને કોર્ટે અંતિમ હુકમ ન થાય ત્યા સુધી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો વચગાળાનો હુકમ તા.૧૩.૦૧.૨૦૧૨ના રોજ કરેલ છે.

સામાવાળા તરફે શ્રી એન. એ. શાહ હાજર રહ્યા અને જણાવ્યું કે; સદરહું મકાનની જગ્યા વિવાદાસ્પદ છે અને તેમના ભાઇ તરફથી યથાવત પરિસ્થિતિ જાળવવાનો સિવિલ કોર્ટનો મનાઇ હુકમ મેળવતા (રે.મુ.નં. ૧૪/૨૦૦૫), વીજ કનેક્શન આપી શકાય નહિં.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા અને બન્ને પક્ષકારોને સાંભળ્યા અને તેઓના દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી. સવાલવાળી જગ્યામા રહેણાંક કનેક્શન આપવા માટે ફરિયાદીએ માંગણી કરેલ છે. ફરિયાદીની જગ્યા અંગે સિવિલ કોર્ટમાં રે.મુ.નં.૧૧૨/૨૦૦૨ અને ૧૪/૨૦૦૫ થી દાવા દાખલ થયેલ છે. અને તેમાં અંતિમ હુકમ ન થાય ત્યા સુધી યથાવત પરિસ્થિતિ જાળવવાનો વચગાળાનો હુકમ થયેલ છે. કાયદા મુજબ જ્યારે સીવીલ કોર્ટમાં કેસ ચાલુ હોય તો ફોરમને ફરિયાદ સાંભળવા હકુમત નથી. જેથી ફરિયાદીની ફરિયાદ સાંભળવા ફોરમને હકુમત નથી તેમ ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફરિયાદી શ્રી દિનેશભાઇ મૂળજીભાઇ રોહિત અને શ્રી મણીલાલ મૂળજીભાઇ રોહિત,રહે.મુ.પો.જેતપૂર પાવી, તા. જેતપૂર પાવી, જિ. છોટા ઉદેપુરનાને હુકમ કરવામાં આવે છે કે; સવાલવાળી જગ્યા માટેનો કેસ સીવીલ કોર્ટ, પાવી જેતપુરમાં રે.મુ.નં. ૧૧૨/૨૦૦૨ અને રે.મુ.નં. ૧૪/૨૦૦૫ થી ચાલુ હોઇ હાલની ફરિયાદ સાંભળવા ફોરમને હકુમત નથી. તેથી ફરિયાદીની અરજી દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.